Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન

Wholesale | Retail | Export | Import

(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com

Wholesale Price

100 % Genuine Medicine

We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES

2°c to 8°c Cold Chain Maintenance

Costly Medicines & Injectables at LOW COST

Fast Delivery

Pan India Delivery

SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો

જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે

શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩

ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ

Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૨૫ ● સળંગ અંક : ૧૦૬૩ ● પ્રકાશિત તા-૨૫-૪-૨૦૨૫,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

શ્રી
પટેલ થાળ

100% Vegetarian
100% Hygienic

શ્રી પટેલ
થાળ & રેસ્ટોરન્ટ

ગુજરાતી ● પંજાબી ● કાઠીયાવાડી





Available on
Zomato and Swiggy



પાર્સલ સુવિધા
ઉપલબ્ધ

૧૦૮,સ્વનીક આર્કેડ, અર્જુન ગ્રીનની સામે, પ્રગતિનગરથી કે કે નગર રોડ, નારણપુરા, અમદાવાદ.

For Booking M : 72028 13411

REVIEW US!

અમારી બીજી કોઈ શાખા નથી

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

# નવા વાડજના સ્મીત પંચાલે યુપીએસસીમાં દેશમાં ૩૦ મો રેન્ક મેળવી ઈતિહાસ રચ્યો



અમદાવાદ : તાજેતરમાં જ યુપીએસસીનું પરિણામ જાહેર થઇ ચુક્યું છે. ગુજરાતના કુલ ૨૬ વિદ્યાર્થીઓએ યુપીએસસી પાસ કર્યું છે. તેમાં અનેક વિદ્યાર્થીઓ એવા પણ છે જે ખુબ જ સામાન્ય પરિસ્થિતિમાંથી આવતા હોવા છતા પણ તેણે પોતાની મહેનતના આધારે યુપીએસસી જેવી દેશની સૌથી અઘરી પરીક્ષા પણ પાસ કરી લીધી છે.અમદાવાદના નવા વાડજમાં રહેતા સામાન્ય કારખાનેદારના પુત્રએ ૩૦ રેન્ક સાથે સ્મિત પંચાલે યુપીએસસી ક્લિયર કરતાં પરિવાર સહિતના લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

અમદાવાદમાં નવા વાડજમાં બલોલનગર પાસે આવેલ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા હસમુખભાઈ પંચાલ વેલ્ડીંગનું કામ કરે છે, સામાન્ય પરિવારમાંથી આવતા હસમુખભાઈ પંચાલના પુત્ર સ્મિત પંચાલ સમગ્ર દેશભરમાં ૩૦ મો રેન્ક સાથે યુપીએસસીની પરીક્ષા ક્લિયર કરી છે. યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે. સ્મિત પંચાલે યુપીએસસી ક્લિયર કરતા પરિવારમાં ખુશીઓનો માહોલ સર્જાયો છે.

સ્મિત પંચાલે મિર્ચી ન્યુઝ સાથેની વાતમાં જણાવ્યું હતું કે રિઝલ્ટ જાહેર થયા પછી મને વિશ્વાસ નહોતો થતો કે મને આખા ભારતમાં ત્રીસમો ક્રમ મળ્યો છે. મારા પરિવારનું નામ રોશન કરવાનો મને ગર્વ છે. તેણે કહ્યું હતું કે મેં જયારે દસમા ધોરણમાં ૯૪ ટકા મેળવ્યા ત્યારથી નક્કી કર્યું હતું કે યુપીએસસીની એક્ઝામ કલીયર કરવી, એ પછી મારા માતાપિતા અને પરિવારજનોની પ્રેરણાથી મે સિવિલ સર્વિસનો અભ્યાસ કરવાનો નક્કી કર્યું હતું. પરીક્ષામાં સફળતા માટે સાતત્યપૂર્ણ તૈયારી જરૂરી છે.

## સાબરમતીના ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ દ્વારા સ્મીત પંચાલનું સન્માન કરાયું



અમદાવાદ : સ્મિત પંચાલને સફળતા મળતા સાબરમતીના ધારાસભ્ય ડો.હર્ષદભાઈ પટેલ સહિતના આગેવાનો ઘરે શુભેચ્છાઓ પાઠવવા પહોચ્યા હતા. આ ઉપરાંત સોસાયટીના કોમન પ્લોટમાં યોજાયેલ એક સાદા સમારોહમાં તેઓએ આ સફળતા મેળવનાર સ્મીત પંચાલને શુભેચ્છાઓ પાઠવી હતી, અને સાથે સાલ ઓઢાડી સન્માન કરીને તેમના પરિવાર સાથે વાર્તાલાપ કર્યો હતો.

આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે ભારત સરકારની સિવિલ સર્વિસીસની માટેની યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુ.પી.એસ સી) પરીક્ષા માટે લાખો આવેદન દર વર્ષે આવતા હોય છે. આ પરીક્ષા ભારત સરકારની એ સૌથી કઠિન પરીક્ષાઓમાની એક ગણવામાં આવે છે.

જે પરીક્ષા માં સાબરમતી વિધાનસભાના મતક્ષેત્રમાં આવતા રાણીપ વિસ્તારમાંથી સ્મિત હસમુખભાઈ પંચાલએ ભારતમાં યુ.પી.એસ.સીની પરીક્ષામાં૩૦માં ક્રમે આવી પોતાના પરિવારનું સમાજનું તેમજ સાબરમતી વિધાનસભા અને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે.

# ભાજપના મોટાભાગના કોર્પોરેટરો ૧૦૦ ટકા બજેટ ખર્ચ કરવામાં નિષ્ફળ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના સર્વાંગી અને સમતોલ વિકાસ માટે તમામ કાઉન્સિલરોને તેમના વોર્ડમાં પ્રજાકીય કામો કરવા ખાસ બજેટ ફાળવવામાં આવે છે. ૨૦૨૧-૨૨ માં કાઉન્સિલર દીઠ બજેટ મર્યાદા રૂા.૩૦ લાખ જે ૨૦૨૪-૨૫માં ૪૦ લાખ કરવામાં આવી હતી પરંતુ મોટાભાગના કોર્પોરેટરો તેમના ૧૦૦ટકા બજેટ વાપરવામાં નિષ્ફળ રહયા છે. જેના કારણે પ્રજાકીય કામો સમયસર થયા નથી અને બજેટ રદ કરવામાં આવ્યા છે. મ્યુનિ. કોર્પોરેટરોને દર વર્ષે મળતા બજેટનો યોગ્ય ખર્ચ થતો નથી તમામ કોર્પોરેટરોને બજેટની રકમ ઉપરાંત ૧૦ ટકા લેખે વધારાની રકમ ફાળવવામાં આવે છે પરંતુ દુ:ખદ બાબત એ છે કે આ રકમ જનસુવિધા માટે ખર્ચ કરવામાં આવતી નથી. શહેરના મેયર પણ સમતોલ અને સર્વાંગી વિકાસ થાય તે રીતે બજેટ ફાળવવામાં નિષ્ફળ રહયા છે ત્યારે તેમની પાર્ટીના અનેક કોર્પોરેટરો પણ તેમને જ અનુસરી રહયા હોય તેમ લાગી રહયું છે. ખાસ કરીને ગોતા વોર્ડમાં છેલ્લા ચાર વર્ષ દરમિયાન મોટાભાગના બજેટ વણવપરાયેલા પડયા રહયા છે. મ્યુનિ. કોર્પોરેટરો દ્વારા બજેટનો પુરતો ખર્ચ ન થવા માટે ભાજપની નો રીપીટ થિયરી પણ કેટલાક અંશે જવાબદાર માનવામાં આવે છે. જેનું મુખ્ય કારણ એ છે કે નવાસવા કોર્પોરેટરોને બજેટ કેવી રીતે લખવું અને ક્યાં ખર્ચ કરવો તે સમજ પડતી નથી અને ઉચ્ચકક્ષાએથી તેમને આ બાબતે યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવી રહયું નથી. જયારે કેટલાક કિસ્સામાં કેટલાક લોકો જાણે પક્ષ પર ઉપકાર કરતા હોય તે રીતે ચુંટણી લડીને સંપૂર્ણ નિષ્ક્રિય બની જાય છે જેના કારણે પણ પ્રજાકિય કામો માટે બજેટ ખર્ચ થતા નથી. વિરાટનગરના રણજીત વાંક અને ઘાટલોડિયાના મનોજ પટેલ આનું ઉત્તમ ઉદાહરણ છે. નાણાંકિય વર્ષ-૨૦૨૪-૨૫માં મોટાભાગના કોર્પોરેટરોએ લગભગ ૧૦૦ ટકા બજેટ ખર્ચ કર્યું છે જેનું મુખ્ય કારણ છેલ્લા બે મહિનાથી ભારતીય જનતા પાર્ટીએ પરકોલેટીંગ વેલ માટે શરૂ કરેલી ઝુંબેશ પણ માનવામાં આવે છે. ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આવતા મ્યુનિ. વોર્ડમાં પરકોલેટીંગ વેલ માટે મોટાભાગના કોર્પોરેટરોએ બજેટ ફાળવ્યા છે જેના કારણે પણ તેમના બજેટ રદ કરવાની નોબત આવી નથી.

## લો ના વિદ્યાર્થી દ્વારા કરાયેલ કેસમાં ગ્રાહક અદાલત દ્વારા ચૂકવવા આદેશ

અમદાવાદ : અમદાવાદમાં ઈન્ટ્રીગ્રેટેડ લોના આઠમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિધાર્થી શશ્રેય વી બોડકિયા દ્વારા પ્રતિષ્ઠિત એવા ડોક્ટર બત્રા પોઝિટિવ હેલ્થ ક્લિનિક પ્રાઇવેટ લિમિટેડ સામે ડિસ્ટ્રીકટ કન્ઝ્યુમર કોર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો. માથાના વાળની સારવાર કરવાની સારવાર પૂરી થઈ ત્યાં સુધી નિયમિત રીતે દવા અનુસરવા છતાં પરિણામ ના આવતા ડોક્ટર બત્રા ક્લિનિકના સામે થયેલ ખર્ચ પરત મેળવવા ડિસ્ટ્રીકટ કન્ઝ્યુમર કોર્ટમાં અરજી કરી હતી, જેમાં ગ્રાહક અદાલતના માનનીય સાહેબ દ્વારા દલીલો સાંભળ્યા બાદ ડોક્ટરને આપવામાં આવેલ સારવાર ખર્ચ સહિત ૩૫,૦૦૦ માનસિક પરિતાપ અને નવ ટકા સાથે એક માસમાં કુલ રકમ ૫૩,૦૦૦ સારવાર ખર્ચ સહિત એટલે કે ૫૩,૦૦૦ + ૩૫૦૦૦ તથા ૯ ટકા વ્યાજ સહિત રકમ પરત આપવા ગ્રાહક અદાલતે આદેશ કરેલ છે, જેમાં પાર્ટી પર્સન શ્રેય વી બોડકિયાએ દલીલો કરી હતી, જે કોર્ટે માન્ય રાખી હતી...









### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત ઝોનની અંદાજિત

# ૨૫થી વધુ સરકારી શાળાઓમાં એડમિશન માટે વાલીઓનો ધસારો

## અમદાવાદમાં છેલ્લાં ૧૧ વર્ષમાં કુલ ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : 'સરકારી સ્કૂલોમાં એડિશમન માટેની લાઇન અને વેઇટિંગ લિસ્ટ...'' કદાચ આ શબ્દો તમારા કાને પડતા તમે એક સેકેન્ડ માટે તો આશ્ચર્યચકિત થઇ જશો અને જરૂરથી કહેશો કે, અરે ના હોય ! આવું તો માત્ર પ્રાઇવેટ સ્કૂલમાં જોવા મળે, સરકારી સ્કૂલોમાં થોડું આવું હોય ! પણ આ વાત એટલી જ સત્ય છે કે, હવે સરકારી સ્કૂલોમાં એડમિશન માટેની લાઇનો પણ લાગી રહી છે અને કેટલીક સરકારી સ્કૂલો દ્વારા વેઇટિંગ લિસ્ટ પણ બહાર પાડવામાં આવી રહ્યું છે. જેનું તાજું ઉદાહરણ થલતેજ વિસ્તારમાં આવેલી સરકારી થલતેજ અનુપમ શાળા – ૨ એ પૂરું પાડ્યું છે. રાજ્યમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેક્નોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઇ રહી છે. આ બાબતોને ધ્યામાં રાખીને આ વર્ષે થલતેજ અનુપમ શાળા – ૨માં વિદ્યાર્થીઓના એડમિશનને લઇને વાલીઓની લાંબી લાઇનો તો જોવા મળી, સાથો-સાથ આ વર્ષે સ્કૂલ દ્વારા વેઇટિંગ લિસ્ટ પણ બહાર પાડવામાં આવ્યું છે. આ પ્રકારની પરિસ્થિતિ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત ઝોનની અંદાજિત ૨૫થી વધુ સરકારી શાળાઓમાં જોવા મળી રહી છે.

જેમાં ઘાટલોડિયા, સાબરમતી, થલતેજ, જોધપુર, એલિસબ્રિજ, નારણપુરા, અસારવા, બાપુનગર, નરોડા, અમરાઇવાડી, મણિનગર, વટવા, બહેરામપુરા, નિકોલ, વસ્ત્રાલ, દાણીલિમડા, દરિયાપુર, મોટેરા, ઠક્કરબાપાનગર વિસ્તારની સરકારી સ્કૂલોનો સમાવેશ થાય છે. આ વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે નામાંકન સર્વે મુજબ બાળકોની સંખ્યાની વાત કરીએ તો, બાળવાટિકામાં પ્રવેશપાત્રની બાળકોની સંખ્યા ૮૨૫૫ તેમજ ધોરણ ૧માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૫૦૧ છે, આમ કુલ ૯૭૫૬ પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા છે. રાજ્ય સરકાર બાળકોને બાળમંદિરથી લઇને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષાની દિશા આપવા માટે રાજ્ય સરકારે શિક્ષણનું સુદ્રઢ માળખુ વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે. સમયની સાથે કદમ મિલાવીને આજની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા સરકારી સ્કૂલોમાં કરવામાં આવી છે. રાજ્ય સરકારે શહેરથી લઇને ગ્રામિણ વિસ્તારોમાં સ્માર્ટ એજ્યુકેશન પર ભાર મૂકયો છે, ક્વોલિફાઇડ શિક્ષકો સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓને સરકારી શાળાઓની શિક્ષણ વ્યવસ્થા પર વિશ્વાસ વધ્યો છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઇ રહી છે તેના પરિણામે એવું ફળ મળ્યું છે કે સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમનાં બાળકોને સરકારી શાળામાં મૂકતા થયા છે.

આ અંગે વાત કરતા અમદાવાદ શાસનાધિકારી ડૉ. એલ.ડી. દેસાઈ કહ્યું કે, 'રાજ્ય સરકારની શિક્ષણલક્ષી યોજનાઓ જેમકે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી પુરસ્કૃત સ્કોલરશીપ યોજનાઓ, રાજ્ય સરકાર દ્વારા ભરતી કરવામાં આવતા ઉચ્ચ લાયકાત ધરાવતા તાલીમબદ્ધ શિક્ષકો, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગતની શાળાઓ, સ્માર્ટ શાળા, અદ્યતન કમ્પ્યૂટર લેબ, સાયન્સ લેબ, સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત પ્રોગ્રામ તેમજ માળખાકીય સુવિધામાં વધારો આ બધા પરિબળોને કારણે વાલીઓને દઢ વિશ્વાસ થયો છે કે તેમના બાળકને ખાનગી શાળાઓ કરતાં પણ અનેકગણું ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહ્યું છે. એટલું જ નહીં, કોર્પોરેશનની સરકારી શાળાઓમાં તેમનાં બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય પણ તેઓ જોઇ રહ્યા છે.

જ્યારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચેરમેન શ્રી ડૉ.સુજય મહેતાએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે બે-અઢી દાયકા અગાઉ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની કમાન સંભાળી ત્યારથી રાજ્યમાં શિક્ષણની નવતર પરિભાષા વિકસી હતી. કોઇ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવની વિચારધારા અત્યંત ઉપયોગી પુરવાર થઇ છે. એટલું જ નહીં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત મહત્તમ આયામોનો સમાવેશ કરવાનો પ્રયાસ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કૂલ બોર્ડની શાળાઓમાં કરવામાં આવ્યો છે અને તેના પરિણામે આજે સરકારી સ્કૂલોમાં ૧૦૦ ટકા નામાંકન થઇ રહ્યું છે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળાઓની એકેડમિક સ્ટ્રેન્થ વધવી, માળખાકીય સુવિધાઓમાં વધારો થવો, રેસિડેન્શિયલ સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ, આધુનિક પ્રયોગશાળાઓ, વિદ્યાર્થીઓને સ્કિલ ડેવલોપમેન્ટ અંગેના અભ્યાસક્રમો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટી સક્રિય બનાવાથી પણ ઘણો ફાયદો થયો છે. આ સિવાય સરકારી શાળાઓમાં રમતગમતના મેદાન, હાઈટેક ટિચિંગ ક્લાસ, સ્વચ્છતા તથા ક્વોલિફાઈડ શિક્ષકો હોવાથી ખાનગી સ્કૂલ્સ સામે સ્પર્ધા શરૂ થઈ છે.

# ડમી વિદ્યાર્થીઓ અંગે શાળાઓમાં ઓચિંતી તપાસ કરવામાં આવશે

અમદાવાદ : ડમી વિદ્યાર્થીઓને લઈને સીબીએસઈ બોર્ડની તપાસ બાદ હવે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલોને પરિપત્ર કર્યો છે. જેમાં વિદ્યાર્થીઓની નિયમાનુસારની હાજરી અંગે સ્કૂલોને પરિપત્ર કરવામાં આવ્યો છે. શૈક્ષણિક દિવસો દરમિયાન વિદ્યાર્થીઓની હાજરી સ્કૂલોમાં જોવા મળે તે માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. આ માટે સ્કૂલો શરૂ થયા બાદ આકસ્મિક તપાસ કરવામાં આવશે અને જો તે વખતે સ્કૂલોમાં વિદ્યાર્થીઓની હાજરી બાબતે અથવા તો સ્ટાફને લઈને અનિયમિતતા સામે આવશે તો કડક કાર્યવાહીની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપા જહાએ તાબા હેઠળની તમામ બોર્ડની સ્કૂલોને વિદ્યાર્થીઓની હાજરીને લઈને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, જિલ્લામાં ગુજરાત બોર્ડ સિવાયની સીબીએસઈ તેમજ અન્ય બોર્ડ સાથે એફિલિયટેડ થયેલી શાળાઓમાં નવા સત્રની શરૂઆત થયેલી છે. જયારે ગુજરાત બોર્ડની સ્કૂલોમાં આગામી સમયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. જેથી તમામ સ્કૂલોએ શાળામાં નિયમિત હાજરીને લઈને નિયમોની અમલવારી કરવાની રહેશે. આમ, નવા શૈક્ષણિક સત્રથી હાજરીને લઈને સ્કૂલોને ચુસ્ત કાર્યવાહી કરવા માટે અત્યારથી જ તાકીદ કરી દેવામાં આવી છે. હાજરીને લઈને કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાના સત્ર, રજાઓ અને વેકેશન નિયત કરવામાં આવે છે અને સત્રના દિવસો પણ નિયત કરવામાં આવે છે. બોર્ડ દ્વારા દરવર્ષે એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવે છે, જેને દરેક સ્કૂલોએ અનુસરવાનું હોય છે. શાળાના શૈક્ષણિક દિવસોમાં નિયત થયેલા કામના કલાકો મુજબ શૈક્ષણિક કામગીરી કરવાની રહે છે અને આ સમગ્ર સમય દરમ્યાન શાળામાં રજિસ્ટર્ડ થયેલા દરેક વિદ્યાર્થી શાળામાં હાજર રહે અને શૈક્ષણિક કાર્ય થાય તે શાળાએ સુનિશ્ચિત કરવાનું રહે છે. બોર્ડની જોગવાઈ અનુસાર, નિયત થયેલા શૈક્ષણિક કલાકો જેટલું શૈક્ષણિક કાર્ય શાળામાં થવું ફરજિયાત છે. આ ઉપરાંત બોર્ડના નિયમ અનુસાર, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી કુલ શૈક્ષણિક દિવસોના ઓછામાં ઓછા ૮૦ ટકા જેટલી ફરજિયાત છે. અનિવાર્ય સંજોગોમાં વિદ્યાર્થીની શાળામાં ૮૦ ટકા હાજરી પૂર્ણ કરેલી ન હોય તો ડીઈઓ કચેરીના માધ્યમથી બોર્ડમાં આધારો સહ દરખાસ્ત કરીને મંજૂરી લેવાની રહે છે. શાળાના વિદ્યાર્થીઓની હાજરી ઓનલાઈન પુરવી પણ ફરજિયાત કરવામાં આવેલી છે. સીબીએસઈ બોર્ડ સાથે એફિલિયટેડ થયેલી જિલ્લાની શાળાઓએ ગુજરાત સરકારના વખતોવખતના નિયમો હેઠળ વિદ્યાર્થી હાજરી માટે યુ ડાયસ પ્લસમા નોંધણી કરાવીને ઓન લાઇન એટેન્ડસ સિસ્ટમ સોફટવેરમાં હાજરી પુરવી ફરજિયાત કરવામાં આવેલી છે. આમ, તમામ બોર્ડની સ્કૂલોની હાજરી ઓનલાઈન પુરવામાં આવે છે.

### અમદાવાદમાં ફરી હિટ એન્ડ રન, નબીરાએ રાહદારીને ટક્કર મારીને ૧૦ ફૂટ ઢસડ્યા

અમદાવાદઃ અમદાવાદમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ૧૯ એપ્રિલની રાતે સાઉથ બોપલમાં પૂરપાટ ઝડપે જઈ રહેલા કારચાલકે રસ્તા પર ચાલીને જઈ રહેલા બે યુવકને ઉડાવ્યા હતાં. રસ્તા પર ચાલીને જતા બંને યુવકો કારની ટકરે ૧૦ ફૂટ સુધી ઢસડાયા હતા. બોપલ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જોકે, બંને યુવકને ઈજા થઈ હતી અને હાલમાં બંનેની સ્થિતિ સામાન્ય છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, સાઉથ બોપલમાં મેરી ગોલ્ડ એપાર્ટમેન્ટ પાસે રાતના સમયે બે યુવક ચાલીને જઈ રહ્યા હતા, ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલા કારચાલકે બંનેને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કર વાગતા બંને યુવક દૂર સુધી ઢસડાયા હતા. અકસ્માત બાદ કારચાલક ત્યાંથી કાર લઈને નાસી ગયો હતો. બનાવની જાણ થતા બોપલ પોલીસે આ અંગે ગુનો નોંધી કારચાલકની શોધખોળ શરૂ કરી છે.

Digital India Power To Empower
CSC E-GOVERNANCE SERVICES INDIA LIMITED
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ

# અમદાવાદીઓને રાહત, SG હાઈવે પર અકસ્માતને ટાળવા આ પાંચ જગ્યાએ બનશે ફુટઓવર બ્રિજ

અમદાવાદ : અમદાવાદમાં હાલ તમામ રોડ ઉપર વાહનોની અવરજવર રહેતી હોય છે ત્યારે અમદાવાદના એસજી હાઇ-વે કે જે સિક્સ લાઈન બનાવવામાં આવ્યો છે. ત્યાં રોડ ક્રોસ કરવા માટે શહેરીજનોને ખૂબ જ હાલાકી નો સામનો કરવો પડે છે. જેને લઇ એએમસી દ્વારા હવે એસ જી હાઇ-વે ઉપર જુદી જુદી જગ્યાએ ૫ જેટલા ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવશે. આ ફૂટઓવર બ્રિજ પીપીપી ધોરણે બનાવવામાં આવશે.

એએમસી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અગાઉ એએમસી દ્વારા શાહીબાગ કેમ્પ હનુમાન મંદિર પાસે ફૂટ ઓવર બ્રિજ બનાવવામાં આવ્યા છે. હવે એસ.જી. હાઈવે પર અકસ્માત ઘટાડવા માટે પાંચ મુખ્ય જંક્શન પર ફૂટ ઓવર બ્રિજ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. એએમસી દ્વારા એસ.જી. હાઈવે પર ગોતા ફ્લાય ઓવરથી વૈષ્ણોદેવી સર્કલ, નિરમા યુનિવર્સિટીના રોડ પર ફૂટ ઓવર બ્રિજ બનશે. એસ.જી. હાઈવે પર લોડિંગ વાહનોની પણ મોટાપાયે અવર-જવર થતી હોવાથી તમામ ફૂટ ઓવર બ્રિજની ઉંચાઈ લગભગ ૫ મીટર રાખવામાં આવશે. તથા સિનિયર સિટીઝન સહિત તમામ નાગરિકોને અગવડ ન પડે તે માટે ફૂટ ઓવર બ્રિજમાં એસ્કેલેટર પણ રાખવામાં આવશે.

- વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલી નિરમા યુનિવર્સિટી પાસે ફૂટ ઓવર બ્રિજ બનાવાશે.
- ગોતા ફ્લાયઓવર બ્રિજ અને એલીવેટેડ કોરિડોરની વચ્ચે ફૂટ ઓવર બ્રિજ.
- એલીવેટેડ કોરિડોર અને થલતેજ અંડરપાસની વચ્ચે બિનોરી હોટલ પાસે ફૂટ ઓવર બ્રિજ.
- થલતેજ અંડરપાસ અને પકવાન ફ્લાયઓવર બ્રિજની વચ્ચે ગ્રાન્ડ ભગવતી પાસે ફૂટ ઓવર બ્રિજ.
- રાજપથ ક્લબ પાસે ફૂટ ઓવર બ્રિજ બનાવાશે.

તમને જણાવી દઈએ કે નિરમા યુનિવર્સિટી પાસે ફેટલ અકસ્માતની સંખ્યા વધી હોવાનું ધ્યાન પર આવતા શાળા-કોલેજ અને ધાર્મિક સ્થાન પાસે ફૂટ ઓવર બ્રિજ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ સિવાય શહેરના સાત ઝોનમાં આવેલા મુખ્ય રસ્તા પર જ્યાં ટ્રાફિક વધુ હશે અને રાહદારીઓની અવર-જવર હશે ત્યાં પણ ફૂટ ઓવર બ્રિજ માટે સર્વે કરવામાં આવશે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

### જમીની આગેવાનોકાર્યકરોને કામ સોંપાય તેવો સંનિષ્ઠ આગેવાનોનો સૂર

# ભા.જ.પ. સાથે કથિત સંકળાયેલા આગેવાનો સામે શું કોંગી હાઈકમાન્ડ પગલા લેશે ?

અમદાવાદ : ગુજરાતમાં કોંગ્રેસને બેઠી કરવા કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધીએ કવાયત હાથ ધરી છે. થોડા સમય પહેલા તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં ભાજપ સાથે આડકતરી રીતે સંકળાયેલા મનાતા ૩૦ થી ૪૦ આગેવાનોને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવશે. પરંતુ કોંગ્રેસના સંનિષ્ઠ આગેવાનો અંદરખાને સવાલ કરી રહયા છે કે શું રાહુલ ગાંધી આ પ્રકારનો નિર્ણય કરી શકશે ખરા ? આ અગાઉ પણ તેમણે દાવાઓ કર્યા હતા પરંતુ તેનો અમલ થયો નથી. કોંગ્રેસ માટે સૌથી મોટી વાત એ છે કે પક્ષમાંથી ખાસ્સી એવી સંખ્યામાં યુવા નેતાઓ પક્ષ છોડીને ગયા છે ત્યારે જે ‘બેસ’ ઉભો કરવો જોઈતો હતો તે થયો નથી પ્રજાની વચ્ચે જઈ શકે અને જેનું માનસન્માન જળવાતુ હોય તે પ્રકારના યુવાનોને નેતૃત્વ આપવુ જોઈએ તે પ્રકારની ચર્ચા પણ અંદરખાને કાર્યકરો કરી રહયા છે. કોંગ્રેસમાંથી ભાજપ સાથે કથિત સંકળાયેલા મનાતા આગેવાનોને દૂર કરવાની વાતને લઈને પક્ષની અંદર કાર્યકરોમાં ભારે ઉત્સુકતા જગાવી છે. કેટલાક કાર્યકરોના જણાવ્યા પ્રમાણે ભાજપ સાથે કથિત રીતે સંકળાયેલા આગેવાનોને દૂર કરાય તો ગ્રાઉન્ડ લેવલના પ્રજા સાથે સીધા જોડાયેલા અગ્રણીઓને કામ કરવાની તક મળશે. જે આગેવાનો થોડા ઘણા કાર્યકરોને લઈને પ્રજાના પ્રશ્નોને વાચા આપવા રસ્તા પર આવે છે તેવા આગેવાનોને તક મળવી જરૂરી છે તે પ્રકારના સૂર વ્યકત થઈ રહયા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ રાજયમાં સંગઠનને બેઠુ કરવા માંગે છે અને તેના માટે પ્રયાસો આગામી દિવસોમાં હાથ ધરાય તેવી શકયતાઓ છે. સંગઠનને બેઠુ કરવુ હોય તો જમીન પર કામ કરતા આગેવાનો, કાર્યકરોને પ્રમોટ કરવાની દિશા તરફ આગળ વધવામાં આવે તેમ મનાય છે.












nted at Shree C
ished from D-2
ditor - BHARG